# પુત્રનાં લક્ષણ પારણામાંથી...

–ચીમન પટેલ ‘ચમન’

ઉદ્યોગ મારો એકનો એક પુત્ર છે. અમેરીકાના હ્યુસ્ટન શહેરની નીશાળમાં, છઠ્ઠા ધોરણમાં ભણે છે. કેટલાયે દીવસોથી એ મારી ઑફીસે આવવા માગતો હતો; પણ અમારો બાપ–દીકરાનો મેળ ખાતો નો’તો.

આજે શનીવાર હતો અને મારે ઓવર ટાઈમને કારણે ઑફીસે જવાનું થતાં હું ઉદ્યોગને મારી સાથે ઑફીસે લઈ આવ્યો હતો.

‘ડૅડી, આ બધી પેન્સીલો ભેગી કરીને પછી તમે એનું શું કરો છો ?’ પેન્સીલ–હોલ્ડરમાં જકડાઈને પડેલી પેન્સીલોના ટુકડાઓને જોઈને ઉદ્યોગે મને પુછ્યું.

‘તારે જોઈએ છે ?’

‘હા.’

‘તો લઈ લે, જેટલી જોઈએ તેટલી. આમેય એ બધી અહીં પડી જ રહી છે.’

ભારતમાં હતો ત્યારે પેન્સીલ પકડી શકાય અને તેના વડે લખી શકાય તેટલી નાની થાય ત્યાં લગી એનો ઉપયોગ થતો હતો. ત્યારે આવડી પેન્સીલ વાપરતાં શરમ–સંકોચ નડતાં નહીં. અમેરીકામાં આવ્યા પછી, કંપનીના ખર્ચે પેન્સીલો પાણીની જેમ વપરાય છે. એમાંયે પેન્સીલનું કદ નાનું થાય એટલે એ આપણો સ્નેહ ગુમાવી બેસે છે. ઉદાર દીલવાળા લોકો એ ટુકડાઓને કચરાપેટીમાં પધરાવીને એ ટુકડાઓને એમના અંતીમ માર્ગ પર રવાના કરી દે છે. પણ મારા જેવા કરકસરીયા જીવવાળા એ ટુકડાઓને કેદીની જેમ પેન્સીલ–હોલ્ડરમાં પુરી રાખે છે કે જ્યાં એ આજીવન ગુંગળાયા કરે છે.

ઉદ્યોગને હજી હું વાત કરું તે પહેલાં જ એ મારા સાથીદારો પાસે પહોંચી ગયો. બધા પાસેથી પેન્સીલના ટુકડાઓ એકઠા કરી લાવ્યો. મારું પેન્સીલ શાર્પનર લઈને ખાલી પડેલા ટેબલ પર પેન્સીલની અણીઓ કાઢવાના કામે લાગી ગયો.

અમે ઘરે જવા નીકળ્યા ત્યારે ઉદ્યોગની પાસે પેન્સીલના ટુકડાઓનો ભંડાર ભરાઈ ગયો હતો.

એક દીવસે ઉદ્યોગની નીશાળમાંથી અમારા પર ચીઠ્ઠી આવી. મા કે બાપે નીશાળે આવીને શીક્ષકને મળી જવાની સુચના એમાં હતી.

આ કામ પતાવવા મેં ધર્મપત્નીને જ્યારે કહ્યું ત્યારે એ બોલી ઉઠી, ‘ના બાપા, એમાં મારું કામ નહીં !’ માનો જીવ તરફડવા લાગ્યો એ હું જાણી શક્યો.

રણમેદાને જવાનું નારીઓને ન જ શોભે એટલે આ ગુર્જર નરે જ છેવટે એ બીડું ઝડપવું પડ્યું, છુટકો જ નહોતો !

નોકરીમાંથી રજા મુકી હું ઉદ્યોગની નીશાળે પહોંચ્યો.

શીક્ષક પાસેથી હકીકત જાણીને ન તો હું રડી શક્યો કે ન તો હું હસી શક્યો. ઉદ્યોગે નીશાળમાં શું કર્યું હશે એની કલ્પનાઓ જે મેં કરી હતી એ બધી જ ખોટી પડી.

ઉદ્યોગ મારી પાસે અવાર–નવાર પેન્સીલોના ટુકડાઓ કેમ મંગાવતો હતો એની કેડી મને આજે જડી.

ઉદ્યોગ ઘરેથી પેન્સીલોની અણી કાઢીને નીશાળમાં લઈ જતો અને રીસેસમાં વર્ગના બારણે ઉભો રહીને પાંચ સેન્ટમાં એ પેન્સીલો વેચતો હતો. પેન્સીલો નહીં લાવનાર કે પેન્સીલોની અણીઓ કાઢવાની મુસીબતને કારણે બાળકો એની પાસેથી ખરીદતાં પાછી પાની કરતાં ન હતાં. ઉદ્યોગનો આ વેપાર દીવસે દીવસે વધવા લાગ્યો. આખી નીશાળ ઉદ્યોગને ઓળખતી થઈ ગઈ હતી.

વેપારમાં નફો થાય એટલે સૌની આંખમાં આપણે ખુંચીએ છીએ. અમારા ઉદ્યોગનું પણ એવું જ થયું. એનો નાના પાયાનો વેપાર વીઘ્નસંતોષીઓને ન ગમ્યો. પરીણામે એની વીરુદ્ધમાં ફરીયાદ નોંધાઈ અને આ જ કારણે મારે નીશાળમાં જવાનું થયું.

ઘરે આવીને મેં પત્નીને સઘળી વાતથી વાકેફ કરી.

‘હાશ ! મને હતું કે નીશાળમાં મારામારીમાં મારા દીકરાનું નામ કોઈએ આપ્યું હશે એની મને ભારે ચીન્તા થતી હતી.’

‘હવે તો શાન્તી થઈને ?’

‘હા.’

‘તો થઈ જાય હવે થોડી ગરમ મસાલાની ચા.’

‘ચોક્કસ, કેમ નહીં ?’ બોલી એ ઉમળકાથી ચા બનાવવા ઉભાં થયાં.

આજે પહેલી વાર એકી અરજે ચા મુકી, પાવાની ઉમંગભરી તજવીજ થતી જોઈ મને અનેરો આનન્દ થયો. બાકી આમ તો ચાની માગણી કરી હોય તો એ બોલ્યા સીવાય રહે નહીં, ‘...હમણાં તો પીધી ! પાછી ચા ?...કેટલી વાર પીવી છે ?...હવે ચા પીવાની ઓછી કરો, ઉમ્મર થવા આવી !’ વગેરે વગેરે...

ચા પીતાં પીતાં મેં કહ્યું, ‘આપણા ઉદ્યોગે આવું ન કરવું જોઈએ. પાંચ પેનીમાં એ કેટલા પૈસા બનાવવાનો છે ? આમ કરવાથી અમેરીકામાં આપણી ભારતવાસીઓની કેવી છાપ પડે ?’

‘વાણીયાના દીકરા થઈને તમે તો આખી જીન્દગી નોકરી કરી ખાધી છે; પણ મારો દીકરો તમારી જેમ નોકરી નથી કરવાનો એની ખાતરી મને આજે થઈ ગઈ છે.’

‘પુત્રનાં લક્ષણ પારણામાંથી, કાં ? મારાથી બોલાઈ ગયું.

આજે એ અમારો ઉદ્યોગ, ઉદ્યોગ રહ્યો નથી; પણ શીકાગોનો એક ઉદ્યોગપતી બની ગયો છે.

...અને હું એના જ ઘરે બેસી, એના જ ટેબલ પર પડેલી પેન્સીલના ટુકડાથી, આ વાત ટપકાવી રહ્યો છું.

**–ચીમન પટેલ ‘ચમન’**

લેખકના પુસ્તક **‘હળવે હૈયે’**(પ્રકાશક: કૃષ્ણકાન્ત મદ્રાસી, આદર્શ પ્રકાશન, જુમ્મા મસ્જીદ પાસે, ગાંધી માર્ગ, અમદાવાદ–૩૮૦ ૦૦૧, પ્રથમ આવૃત્તી: ૧૯૯૭, મુલ્ય: સાત ડૉલર)માંથી લેખકની પરવાનગીથી સાભાર...


સર્જક–સમ્પર્ક

12126-Wembley Drive, Houston, Texas – 77031-3208 – USA

Phone: 281-495-6534 email: chiman_patel@hotmail.com


*‘હળવે હૈયે’માં લેખકનો હેતુ અમેરીકી અને ભારતીય જીવનશૈલીની તુલના કે બે સંસ્કૃતીઓની ભેળસેળથી નીપજેલી વીકૃતીનું દર્શન કરાવવાનો નથી; પણ એમને તો અમેરીકામાં વસતા ભારતીય લોકોના આચાર–વીચાર ઉપર નજર માંડીને કંઈક કહેવું છે. એ કહેવા માટેનું માધ્યમ એમણે ‘હળવા નીબન્ધો’માં શોધ્યું છે. હસતાં હસતાં ને હસાવતાં હસાવતાં કડવુંમીઠું ઘણું બધું કહી દઈ શકાય તે રીતે.* –મોહનલાલ પટેલ (પુસ્તકને મળેલી એમની પ્રસ્તાવનામાંથી સાભાર..)


‘સન્ડે ઈ-મહેફીલ’ના આ અંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર ન્યુ જર્સી-અમેરીકાના પ્રસીદ્ધ હાસ્યલેખક ભાઈ શ્રી હરનીશ જાની (harnish5@yahoo.com) નો ખુબ ખુબ આભાર- –બળવન્ત પટેલ અને ઉત્તમ ગજ્જર

**‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષ: છઠ્ઠું – અંક:** 214 – March 27, 2011

**‘ઉંઝાજોડણી’**માં અક્ષરાંકન: **ઉત્તમ ગજ્જર** - uttamgajjar@gmail.com


@@@@@

(•)(♦)(•)


**Earlier Articles of all ‘Sunday eMahefil’s can easily be downloaded from our website:**
**http://www.gujaratilexicon.com/index.php?action=downloadSeM**

(♦)(•)(♦)(•)(♦)

**More than 69,50,000 Gujarati Language lovers have visited**
**http://www.gujaratilexicon.com**
**More than 7,00,000 have visited Digital Bhagwadgomandal**
**http://www.bhagwadgomandal.com**
**More than 1,10,000 have visited Lokkosh**
**http://lokkosh.gujaratilexicon.com**

**You too are invited to visit Gujaratilexicon with a new interface.**


(•)(♦)(•)(♦)(•)(♦)(•)